# ગુજરાતી નિબંધો

## ધોરણ - ૩





shikshansagar.com

શિક્ષણ સાગર

The King of Education





શાળાનું નામ –





૧. અનુલેખન

૨. મને ગમતું પ્રાણી - ‘ગાય’

૩. વર્ષાઋતુ

૪. રક્ષાબંધન

૫. દિવાળી

૬. શ્રુતલેખન

૭. રજાચિઠ્ઠી

૮. ઉત્તરાયણ

૯. વાર્તાલેખન

૧૦. હોળી

# અનુલેખન

સરદાર વલ્લભભાઈ પટેલ ભારતના એક મહાન નેતા હતા. તેઓ ગુજરાતના પનોતા પુત્ર હતા. તેઓ 'લોખંડી પુરુષ' તરીકે જાણીતા હતા. વલ્લભભાઈનો જન્મ તેમના મોસાળ નડિયાદમાં ઈ.સ. ૧૮૭૫ના ઓક્ટોબરની એકત્રીસમી તારીખે થયો હતો. તેમનું વતન કરમસદ હતું. તેમના પિતા ઝવેરભાઈ એક સામાન્ય ખેડૂત હતા. વલ્લભભાઈની માતાનું નામ લાડબાઈ હતું. વલ્લભભાઈના એક ભાઈનું નામ વિઠ્ઠલભાઈ હતું. તેઓ પણ દેશભક્ત હતા. વલ્લભભાઈ બાળપણથી જ ખૂબ હિંમતવાળા હતા.

# ગાય



ગાય એક ખૂબ જ ઉપયોગી પાલતૂ જાનવર છે. આ એક સફળ ઘરેલુ જાનવર છે અને અનેક ઉદેશ્યો માટે ઘરે લોકો દ્વારા રાખવામાં આવે છે. આ મોટુ શરીર, બે શીંગડા, બે આંખ, બે કાન એક નાક એક મોઢુ એક માથુ એક મોટી પીઠ અને પેટવાળી મહિલા જાનવર છે. આ વધુ ખોરાક ખાય છે. આ આપણને સ્વસ્થ અને મજબૂત બનાવવા માટે દૂધ આપે છે. દૂધ આપણી પ્રતિરોધક ક્ષમતા વધારે છે અને સંક્રમણ અને અન્ય રોગોથી બચાવે છે. આ એક પવિત્ર પશુ છે અને ભારતમાં એક દેવીની જેમ પૂજવામાં આવે છે. હિન્દુ સમાજે ગાયને મા નો દરજ્જો આપ્યો છે અને ગૌમાતા કહીને બોલાવે છે.

આ અનેક પ્રયોજનો માટે ઉપયોગી દૂધ આપનારુ જાનવર છે. હિન્દુ ધર્મમાં એવુ માનવામાં આવે છે કે ગૌ દાન સૌથી મોટુ દાન છે. ગાય હિન્દુઓ માટે એક પવિત્ર પશુ છે. ગાય પોતાના જીવનકાળમાં ખૂબ લાભ આપે છે અને અહી સુધી કે મર્યા પછી પણ ખૂબ ઉપયોગી છે. જીવિત રહેતા આ દૂધ, વાછરડુ, બળદ, છાણ, ગોમૂત્ર આપે છે. અને મૃત્યુ પછી તેના ચામડા અને હાડકાંને કામમાં લેવામાં આવે છે. તેથી આપણે કહી શકીએ છીએ કે આ આપણને માટે સંપૂર્ણ રીતે ઉપયોગી છે. આપણે તેના દૂધથી અનેક ઉત્પાદ બનાવી શકીએ છીએ જેવા કે ઘી, ક્રીમ, માખણ દહી, મઠ્ઠો મીઠાઈ વગેરે અને તેના મૂત્ર અને છાણ પ્રાકૃતિક ઉર્વરકના રૂપમાં ખેડૂતોને ઝાડ વૃક્ષ અને પાક માટે ખૂબ ઉપયોગી છે.



# વર્ષાઋતુ

વર્ષાઋતુ વર્ષની મુખ્ય ત્રણ ઋતુઓ છે : શિયાળો, ઉનાળો અને ચોમાસું.

ચોમાસામાં વરસાદ પડે છે, તેથી તેને વર્ષાઋતુ પણ કહે છે. વર્ષાઋતુમાં આકાશ કાળાં કાળાં વાદળાંથી છવાઈ જાય છે. ઠંડો પવન ફુંકાય છે. વીજળીના ચમકારા અને વાદળાંના ગડગડાટ સાથે વરસાદ તૂટી પડે છે. આથી નાનાં-મોટાં સૌ આનંદમાં આવી જાય છે. મોર કળા કરીને નાચે છે. દેડકાં 'ડ્રાંઉ".. "ડ્રાંઉ".. કરે છે.



ખેડૂતો ખેતર ખેડે છે. તે ખેતરમાં બી વાવે છે. થોડા દિવસોમાં એ બીમાંથી લીલાછમ છોડ ઊગી નીકળે છે. ધરતી પર પણ લીલું ઘાસ ઊગી નીકળે છે. કૂવા, તળાવ, નદીનાળાં પાણીથી ભરાઈ જાય છે.

રક્ષાબંધન, જન્માષ્ટમી, નવરાત્રિ અને દિવાળી જેવા મોટા તહેવાર વર્ષાઋતુમાં આવે છે. લોકો આ તહેવારો આનંદથી ઊજવે છે.

વર્ષાઋતુમાં કોઈ વાર ભારે વરસાદ પડે તો ઘણું નુકસાન થાય છે. અનાજ પાકતું નથી. તેને લીલો 'દુકાળ' કહે છે. કોઈ વાર તદ્દન ઓછો વરસાદ પડે છે. તેથી અનાજ પાકતું નથી. તેને "સુકો દુકાળ" કહે છે.

વર્ષાઋતુ આપણને ઘણી ઉપયોગી છે. તેથી તે મારી પ્રિય ઋતુ છે.



# રક્ષાબંધન

રક્ષાબંધન શ્રાવણ માસના તહેવારોનો મહિનો કહે છે. શ્રાવણ માસમાં ઘણા તહેવારો આવે છે. શ્રાવણ માસની પૂર્ણિમાના દિવસે બળેવનો તહેવાર ઊજવવામાં આવે છે.

કાચા સૂતરના ધાગાની રાખડી હોય છે. તેમાં રેશમના ફૂમતા વચ્ચે મોતી હોય છે હવે તો કલાત્મક રીતે રાખડીઓ બનાવવામાં આવે છે. બહેન ભાઈને હાથે રાખડી બાંધવા ઉત્સુક છે, ભાઈ બહેન પાસે રાખડી બંધાવવા ઉત્સુક હોય છે.

વહેલી સવારે રક્ષાબંધનની વિધિ કરવામાં આવે છે. બહેન ભાઈના કપાળમાં કુમકુમ તિલક કરે છે, અક્ષત ચોઢે છે. એ પછી તે ભાઈના જમણા હાથે રાખડી બાંધે છે. રાખડી બાંધ્યા પછી બહેન ભાઈને ગોળ ખવડાવે છે. હવે ગોળને બદલે પેંડો ખવડાવે છે. બહેન ભાઈને અંતરના આશિષ



આપે છે. આ પછી ભાઈ બહેનને તેની રક્ષા કરવા તથા તેને દુ:ખ કે સંકટ વેળાએ મદદ કરવાની ખાતરી આપે છે. તે ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે બહેનને ભેટ આપે છે. જેને 'વીરપસલી' કહે છે. આમ, રક્ષાબંધન એ ભાઈબહેનના પ્રેમનો પવિત્ર તહેવાર છે.

આ દિવસે બ્રાહ્મણો પૂજાવિધિ કરી જનોઈને બદલે છે. ઘણાં સ્થળે બ્રાહ્મણો નદીકિનારે જઈને જનોઈ બદલવાની વિધિ કરતા હોય છે.

'રક્ષાબંધન'ના તહેવારને બળેવ પણ કહે છે. આ દિવસે નાવિકો સમુદ્રની પૂજા કરે છે. તેઓ સમુદ્રને નાળિયેરથી વધારે છે. તેથી તેને 'નાળિયેરી પૂનમ' પણ કહે છે.



આ રક્ષાબંધનના દિવસને કેટલીક સામાજિક સંસ્થાઓ પણ ઊજવે છે. આવી સંસ્થાઓ તરફથી કેટલીક બહેનો હોસ્પિટલોમાં જઈને દર્દીઓને હાથે રાખડી બાંધે છે. તેઓ તેમને જલદી સાજા થઈ જવાની શુભેચ્છા આપે છે. કેટલીક બહેનો જેલમાં જઈને કેદીઓને હાથે રાખડી બાંધે છે. તેમને સારું જીવન જીવવા આ પ્રસંગે પ્રેરણા આપે છે.

રક્ષાબંધન એક સામાજિક તહેવાર છે. તેની ઉજવણીમાં ભાઈ બહેનનો પ્રેમ ઝળહળે છે.

## દિવાળી

દિવાળી આસો મહિનાની અમાસે આવે છે.

નવરાત્રિ પછી લોકો દિવાળીની તૈયારી કરે છે. તેઓ ઘરની સફાઈ કરે છે. ઘર રંગાવે છે. વાસણો માંજીને ચકચકિત કરે છે. નવાં કપડાં, વાસણો, ફટાકડા વગેરેની ખરીદી કરે છે. જાતજાતની મીઠાઈઓ બનાવે છે.



દિવાળીનો તહેવાર પાંચ દિવસનો છે : ધનતેરસ, કાળીચૌદસ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈબીજ, દિવાળીમાં લોકો ઘરને રોશનીથી શણગારે છે. બહેનો આંગણામાં સાથિયા પૂરે છે અને દીવા મૂકે છે. વેપારીઓ ચોપડા પૂજન અને લક્ષ્મીપૂજન કરે છે. લોકો દેવમંદિરે દર્શન કરવા જાય છે. બેસતા વર્ષના દિવસે લોકો એકબીજાને "સાલમુબારક" કહે છે. કેટલાક લોકો સગાંસંબંધીઓને દિવાળીકાર્ડ મોકલે છે. શાળામાં દિવાળીની રજાઓ હોય છે. તેમને નવાં કપડાં પહેરી ફટાકડા ફોડવાની ઘણી મજા પડે છે.

દિવાળી આપણો મોટો ધાર્મિક તહેવાર છે.

## શ્રુતલેખન

વિજ્ઞાને આપણને અનેક સુખ-સગવડનાં સાધનોની ભેટ આપી છે. તેમાં કમ્પ્યુટર વિજ્ઞાનની અદભૂત ભેટ છે. કમ્પ્યુટર દેખાવે ટીવી જેવું હોય છે. કમ્પ્યુટરમાં કી-બોર્ડ, માઉસ, મોનિટર અને પ્રિન્ટર જેવા ભાગો હોય છે. કી-બોર્ડ ટાઈપરાઈટર જેવું હોય છે. તેનાથી ટાઈપ થઈ શકે છે. માઉસનો ઉપયોગ આકૃતિ દોરવા માટે થાય છે. વળી તેના બીજા અનેક ઉપયોગો છે. મોનિટર પર ચિત્રો જોઈ શકાય છે અને લખાણ વાંચી શકાય છે. કમ્પ્યુટર ઝડપથી લખી શકે છે અને ગણતરી કરી શકે છે. કમ્પ્યુટર પર રમતો રમી શકાય છે. કમ્પ્યુટર પર ગીતો સાંભળી શકાય છે અને ચલચિત્રો પણ જોઈ શકાય છે.



આજે ઑફિસો, બૅન્કો, શાળાઓ, દુકાનો વગેરેમાં કમ્પ્યુટરનો ઉપયોગ થઈ રહ્યો છે. કમ્પ્યુટર આપણને ખરેખર ખૂબ જ ઉપયોગી છે.

હું કમ્પ્યુટરનો ઉપયોગ કરતાં શીખું છું.

શિક્ષણ સાગર
shikshansagar.com The King of Education

## રજાચિઠ્ઠી (નમુનો)

નામ-
ધોરણ -
તારીખ -

વિષય- શાળાએ હાજર રહી ન શકયો એ બાબતે

વર્ગ શિક્ષકશ્રી,

જય ભારત સાથ જણાવાનું કે _________ ના રોજ બીમારીને કારણે (અથવા કોઈ સામાજિક કારણોસર) હું શાળાએ હાજર રહી ના શક્યો જેથી તે દિવસનું શાળાના કાર્યમાં ભાગીદાર ના રહી શક્યો અને આપ સાહેબશ્રીનું શિક્ષણ મેળવી ના શક્યો. જે માટે ખૂબ દિલગીર છું.

આપ મારા વાલી સાથે ટેલિફોનિક વાત કરીને મારી પરિસ્થિતિ જાણી શકો છો. મારા પિતા/ વાલીના સંપર્ક નમ્બર - ____________ છે. જેની નોંધ લેશો.

આભાર.

સહી

આપનો વિદ્યાર્થી,

## ઉત્તરાયણ

'ઊંડે ઊંડે છે મારો પતંગ, ઊંચે ઊંચે પેલા વાદળની સંગ.'

દર વર્ષે 14 જાન્યુઆરીના રોજ મકરસંક્રાંતિનો તહેવાર ઊજવવામાં આવે છે. તે આબાલવૃદ્ધ સૌનો પ્રિય તહેવાર છે.

આ દિવસે સૂર્ય મકર રાશિમાં પ્રવેશે છે. તેથી એને 'મકરસંક્રાંતિ' કહે છે. આ દિવસથી સૂર્ય ઉત્તર તરફ પ્રયાણ કરતો હોવાથી તેને "ઉત્તરાયણ" પણ કહે છે.



દિવાળી પછી તરત જ ઉત્તરાયણ ની તૈયારીઓ શરૂ થઈ જાય છે. પતંગ બનાવવાની અને દોરી રંગવાની પ્રવૃતિથી શહેરો ધમધમી ઊઠે છે. મકરસંક્રાંતિની આગલી રાતે બજારમાં ઘણી ભીડ જોવા મળે છે. સૌ યુદ્ધની તૈયારી કરતાં હોય તેમ પતંગોને કિન્ના બાંધવા લાગી જાય છે.

મકરસંક્રાંતિના દિવસે વહેલી સવારથી જ આકાશમાં પતંગયુદ્ધ શરૂ થઈ જાય છે. આકાશ રંગબેરંગી પતંગોથી છવાઈ જાય છે. ઠેરઠેરથી 'કાટા...' 'કાટા...' "લપેટ". "લપેટ.." ની બૂમ સંભળાય છે. સ્પીકરીનો ઘોંઘાટ વાતાવરણ ને ગાજવી મૂકે છે. પતંગરસિયાઓ પતંગ ચગાવવાનો પૂરેપૂરો આનંદ માણે છે.



આ તહેવારોનું ધાર્મિક મહત્વ પણ છે. આ દિવસે ગાયોને બાજરીની ઘુઘરી અને ઘાસ નીરવામાં આવે છે. લોકો તલના લાડુમાં સિક્કા પૂરી તે લાડુ દાનમાં આપે છે. તે ગુપ્તદાનનો મહિમા દર્શાવે છે. આ દિવસે લોકો શેરડી, બોર અને તલસાંકળી ખાય છે.

કેટલાક લોકોને પતંગ ચગાવવા કરતાં પતંગ લૂંટવામાં ઘણો રસ પડે છે. કેટલાક લોકો પતંગ પકડવા જતાં ધાબા પરથી નીચે પડી જાય છે કે રસ્તા પર વાહનો સાથે અથડાય છે.

કેટલાક લોકો રાતે ટુક્કલ ચગાવે છે અને બીજા દિવસે વાસી ઉત્તરાયણ મનાવે છે.

આમ, મકરસંક્રાંતિ સૌને આનંદ આપનારો તહેવાર છે.

## વાર્તાલેખન

**નીચેના મુદ્દાઓને આધારે વાર્તા લખો. વાર્તાને યોગ્ય મથાળું આપો ?**

(૧) એક ઝાડ – ઝાડ પર માળો – માળામાં કબૂતર રહે – ઝાડની નીચે દર – દરમાં કીડી રહે – વરસાદ પડ્યો – કીડી તણાવા લાગી - કબૂતર પાંદડું નાખ્યું – કીડી બચી ગઈ – એક શિકારી આવ્યો – કબૂતરનો શિકાર કરવા નિશાન તાક્યું – કીડીએ શિકારીને પગે ચટકો ભર્યો – કબૂતર બચી જાય

### કીડી અને કબૂતર

એક ઝાડ હતું. ઝાડ પર કબૂતરનો માળો હતો. ઝાડની નીચે દર હતું. તેમાં એક કીડી રહેતી હતી.

એક વખત વરસાદ પડ્યો. કીડીના દરમાં પાણી ભરાઈ ગયું. કીડી પાણીમાં તણાવા લાગી. માળામાં બેઠેલા કબૂતરે આ જોયું. તેણે તરત જ ઝાડનું પાંદડું તોડી કીડી પાસે નાખ્યું. કીડી તરત જ પાંદડા પર ચડી ગઈ. કબૂતર પાંદડું ચાંચમાં લઈ ઊડ્યું. આથી કીડી બચી ગઈ. કીડીએ કબૂતરનો આભાર માન્યો.

થોડા દિવસ પછી ત્યાં એક શિકારી આવ્યો. તેણે કબૂતરનો શિકાર કરવા બાણ તાક્યું. કીડીએ આ જોયું. તે તરત જ શિકારી પાસે આવી અને શિકારીના પગે ચટકો ભર્યો. શિકારીના હાથમાંથી બાણ છૂટી ગયું. તે નિશાન ચૂકી ગયું. અવાજ થતાં કબૂતર ઊડી ગયું. કબૂતર બચી ગયું. આમ, કીડીએ કબૂતરનો જીવ બચાવ્યો.

બીજાનું ભલું કરવાથી આપણું ભલું થાય છે .

## વાર્તાલેખન

**બે બિલાડીઓ – એક રોટલો મળવો – રોટલા માટે ઝઘડવું – ન્યાય કરાવવા વાંદરા પાસે જવું – વાંદરાએ ત્રાજવાં લઈ આવવાં – રોટલાના બે ટુકડા કરવા – તોલવું – એક બાજુનું પલ્લું નમવું – તે માંથી રોટલાનો ટુકડો ખાવો – આમ ટુકડે ટુકડે રોટલો ખાતા જવું – છેવટનો ટુકડો પણ "આ મારી મહેનતનો" કહી ખાઈ જવો – બોધ.**

બેની લડાઈમાં ત્રીજો ફાવે

બે બિલાડીઓ હતી. બંને ભૂખી હતી, બંને ખોરાકની શોધમાં ફરતી હતી. એટલામાં એમની નજર એક ઘરમાં પડેલા રોટલા પર પડી. બંનેએ એકસાથે રોટલા પર તરાપ મારી.

એક બિલાડી રોટલો લઈ ભાગી. બીજી બિલાડી એની પાછળ દોડી. બંને રોટલા માટે ઝઘડવા લાગી. તેવા તેઓની નજર એક વાંદરા પર પડી.

બંને બિલાડીઓ વાંદરા પાસે ગઈ. તેમણે વાંદરાને બધી વાત કરી અને ન્યાય કરવા વિનંતી કરી.

વાંદરાને બિલાડીઓ પાસેથી રોટલો પડાવી લેવો હતો. તેણે એક યુક્તિ વિચારી કાઢી. તે ક્યાંકથી ત્રાજવાં લઈ આવ્યો.

વાંદરાએ રોટલાના બે ટુકડા કર્યા. તેણે ત્રાજવાનાં બંને પલ્લામાં એક–એક ટુકડો મૂકી ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને ખાઈ ગયો. પછી બાકી રહેલો ટુકડો પલ્લામાં મૂકીને ત્રાજવાની દાંડી ઊંચી કરી. જે પલ્લું નમ્યું તેમાંથી રોટલાનો થોડો ટુકડો કાઢીને તે ખાઈ ગયો. વાંદરાએ આમ વારંવાર કર્યું. છેવટે એક પલ્લામાં રોટલાનો નાનો ટુકડો રહ્યો.

આ ટુકડો 'મારી મહેનતનો' એમ કહી વાંદરો તે ટુકડો પણ ખાઈ ગયો અને 'હૂપ' 'હૂપ'.... કરતો ભાગી ગયો. બંને બિલાડીઓ જોતી જ રહી ગઈ.

આમ, બેની લડાઈમાં ત્રીજો ફાવે છે.

## વાર્તાલેખન (સમજદાર બકરીઓ)

**એક ઝરણા ઉપર લાકડાનો સાંકડો પુલ – બે બકરીઓનું સામસામું આવવું – બંને સમજદાર એક બકરીનું બેસી જવું અને બીજી બકરીનું તેના પરથી પસાર થવું – થોડી વાર પછી બે કુતરાઓનું સામસામું આવવું – બંને ઝઘડાળુ – બંનેનું ઝઘડવું – ઝરણામાં પડવું – બોધ.**

એક ઝરણું હતું. તેના ઉપર લાકડાનો સાંકડો પુલ હતો. ચોમાસના દિવસો હતા. ઝરણામાં પાણી વેગથી વહી રહ્યું હતું. બે બકરીઓ પુલના સામસામેના છેડાથી આવી. બંને પુલની વચ્ચે ભેગી થઈ. બંને એકસાથે પસાર થઈ શકે તેમ ન હતું. પણ બંને બકરીઓ સમજદાર હતી. એક બકરી નીચે બેસી ગઈ અને બીજી બકરી તેના ઉપરથી પસાર થઈ ગઈ.

થોડા સમય બાદ બે કૂતરાઓ પુલના સામસામેના છેડાથી આવ્યા. બંને કૂતરાઓ પુલની વચ્ચે ભેગા થઈ ગયા. પુલ એટલે સાંકડો હતો કે બંને કૂતરાઓ માટે એકસાથે પસાર થવાનું

શક્ય ન હતું. બંને કૂતરાઓ ઝઘડાલુ હતા. બંને કૂતરા એકબીજાની સામે ભસવા લાગ્યા. બંને એકબીજાને પાછા ધકેલવા લાગ્યા. તેમ કરતાં કરતાં બંને કૂતરાઓ ઝરણામાં પડયા અને પાણીના વહેણમાં તણાઈને મરી ગયા.

આ વાર્તા પરથી બોધ મળે છે કે આફતના સમયે આપણે સમજદારીપૂર્વક કામ લેવું જોઈએ.

## હોળી

હોળી ફાગણ સુદ પુનમને દિવસે હોળીનો ઉત્સવ ઊજવવામાં આવે છે. 

હિરણ્યકશ્યપ નામે એક રાક્ષસ રાજા હતો. તેના કુંવરનું નામ પ્રહલાદ હતું. પ્રહલાદ પ્રભુનો ભક્ત હતો. તેના પિતા ભગવાનના વેરી હતા. તેમને પ્રહલાદ પ્રભુને ભજે એ ન ગમે. હિરણ્યકશિપુની એક બહેન હતી. તેનું નામ હોલિકા હતું. તેને અગ્નિ બાળી ન શકે એવું વરદાન હતું. પ્રહલાદને મારી નાંખવા હોલિકા તેને ખોળામાં બેસાડી લાકડાંઓની ચિતા પર બેઠી. ચિતા



સળગાવવામાં આવી ચમત્કાર થયો. હોલિકા બળીને ભસ્મ થઈ ગઈ. પ્રહલાદ ઊગરી ગયો. આમ સત્ય અને પ્રભુની ભક્તિનો વિજય થયો. આ પૌરાણિક પ્રસંગથી હોળીનો તહેવાર ઊજવવામાં આવે છે. પ્રહલાદ ઊગરી ગયો તેના આનંદમાં સૌ આનંદ ઉત્સવ ઊજવે છે.

તેઓ એકબીજા પર ગુલાલ છાંટે છે. પછી તો આ સમગ્ર તહેવાર રંગનો ઉત્સવ બની ગયો. ગામને પાદરે કે શેરીને નાકે સાંજે હોળી પ્રગટાવવામાં આવે છે. સહુ હોળીની પૂજા કરે છે. હોળીના દિવસે લોકો હારડા, ધાણી-ચણા અને ખજૂર ખાય છે.

હોળી પછીના બીજા દિવસને સૌ ધુળેટી તરીકે ઊજવે છે. આ દિવસે લોકો એકબીજા પર રંગ અને ગુલાલ છાંટે છે. બાળકો રંગની પિચકારીઓથી એકબીજાને રંગે છે. હોળીનો તહેવાર બાળકોને અતિ પ્રિય છે.

# અન્ય ધોરણ વાઈઝ અને વિષય વાઈઝ નિબંધો માટે

shikshansagar.com
શિક્ષણ સાગર
The King of Education

**CLICK HERE**

- ધોરણ – ૩/૪/૫ ગુજરાતી
- ધોરણ – ૫ હિન્દી
- ધોરણ – ૫ અંગ્રેજી
- ધોરણ – ૬/૭/૮ ગુજરાતી
- ધોરણ – ૬/૭/૮ હિન્દી
- ધોરણ – ૬/૭/૮ અંગ્રેજી





